વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

# પરિપત્ર

**કૃષિ મહોત્સવ–૨૦૧૬ માટે કૃષિ સાહિત્ય તૈયાર કરવા બાબત...**

જયભારત સહ જણાવવાનું કે, રાજય સરકારશ્રી દ્વારા આગામી માહે મે–૨૦૧૬ દરમ્યાન કૃષિ મહોત્સવ –૨૦૧૬ની રાજય વ્યાપી ઉજવણી થનાર છે. સદરહુ કૃષિ મહોત્સવ દરમ્યાન આયોજીત થનાર ખેડૂત શિબિરો અને યુનિવર્સિટીના કૃષિ પ્રદર્શન સ્ટોલમાં ખેડૂતોને વહેંચવા માટે આપણી યુનિવર્સિટી દ્વારા નીચેની વિગતે કૃષિ સાહિત્ય તૈયાર કરવાનું નકકી કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | સંવાદ સેતૂ | **પોકેટ ડાયરી** |
| ૨. | દક્ષિણ ગુજરાતમાં કૃષિ સંલગ્ન નવિન ટેકનોલોજી અને વ્યવસાયો | **બુકલેટ** |
| ૩. | ક્રમ–૨માં દર્શાવેલ બુકલેટમાં સમાવિષ્ટ થનાર તમામ ૧૨ લેખોના અલગ અલગ ફોલ્ડર્સ | **ફોલ્ડર્સ** |

"સંવાદ સેતૂ" પોકેટ ડાયરી અત્રેના વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવશે. બુકલેટ તથા ફોલ્ડર્સના પ્રકાશન માટે આ સાથે સામેલ પરિશિષ્ટ–૧માં દર્શાવેલ વિભાગોના વડાઓએ તેઓને ફાળવેલ વિષયના લેખો તૈયાર કરીને **તા.૩૦/૦૩/૨૦૧૬** સુધીમાં અત્રેની કચેરીના ઈમેઈલ : tvs@nau.in પર મોકલી આપવાના રહેશે.

**► લેખો તૈયાર કરવા માટે નીચેની માર્ગદર્શક સૂચનાઓ :**

૧. ખેડૂતો સહેલાઈથી સમજી શકે તેવી સરળ ગુજરાતી ભાષામાં લેખો તૈયાર કરવાના રહેશે.
૨. લેખના મથાળે જે તે લેખકનું નામ, હોદ્દો, વિભાગ અને મોબાઈલ નંબર લખવાનો રહેશે.
૩. લેખો ગુજરાતી LMG-Arun, 13 Font size માં તૈયાર કરીને ફકત સોફટ કોપીમાં અત્રેની કચેરીના ઉપરોકત ઈમેઈલ પર મોકલી આપવા.
૪. લેખની વિષય વસ્તુ A4 સાઈઝના ૪ પેઈજમાં સમાવેશ થઈ જાય તે રીતે તૈયાર કરવી.
૫. લેખની સાથે જે તે ટેકનોલોજીના JPG ફોર્મેટમાં હાઈ રિઝોલ્યુએશનવાળા ૪ થી ૫ ફોટોગ્રાફસ ઈમેઈલ મારફતે મોકલી આપવા.
૬. સમયમર્યાદામાં લેખ નહી મળે તો તેનો બુકલેટમાં સમાવેશ કરી શકાશે નહી તથા તેનું ફોલ્ડર પણ પ્રકાશિત થઈ શકશે નહિં, જેની સંપૂર્ણ જવાબદારી જે તે વિભાગના વડાની રહેશે.

ઉપરોકત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજૂરીથી યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૭૦/૨૦૧૬
નવસારી તા. ૧૦/૦૩/૨૦૧૬

**<u>નકલ જયભારત સહ રવાના</u> :**
૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ/યુનિટ હેડ તરફ જાણ થવા સારું.
૨. પરિશિષ્ટ–૧માં કોલમ–૩માં દર્શાવેલ વિભાગીય વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.

# પરિશિષ્ટ–૧

## દક્ષિણ ગુજરાતમાં કૃષિ સંલગ્ન નવિન ટેકનોલોજી અને વ્યવસાયો

| અ.નં. | લેખનો વિષય | લેખ તૈયાર કરનાર વિભાગનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સેન્દ્રિય ખેતી :<br>*જમીન અને માનવ સ્વાસ્થ્યની તંદુરસ્તીનું જતન* | આચાર્ય અને ડીનશ્રી,<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલયલ નકૃયુ, નવસારી |
| ૨ | જૈવિક ખાતરો :<br>*ઉત્પાદન, અગત્યતા અને અને ઉપયોગ* | પ્રાધ્યાપક અને વડાશ્રી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ,<br>ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૩ | જળ અને જમીન વ્યવસ્થાપન :<br>*જમીનની જાળવણી અને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ* | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન) ,<br>જળ અને જમીન વ્યવસ્થાપન એકમ, નકૃયુ, નવસારી |
| ૪ | ક્ષારિય જમીન સુધારણા અને સોઈલ હેલ્થ કાર્ડની ઉપયોગિતા : *દક્ષિણ ગુજરાતની ખેતી માટે ઉપકારક ઉપાય* | પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ,<br>ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ,નવસારી |
| ૫ | કેળના નકામા થડનું મૂલ્યવર્ધન :<br>*બનાવટો અને તેનું અર્થકરણ* | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન) ,<br>જળ અને જમીન વ્યવસ્થાપન એકમ, નકૃયુ, નવસારી |
| ૬ | આકસ્મિક પાક આયોજન :<br>*બદલાયેલ હવામાનમાં ખેતીને ટકાવવાનો વૈજ્ઞાનિક અભિગમ* | પ્રાધ્યાપક અને વડાશ્રી, સસ્ય વિજ્ઞાન વિભાગ,<br>ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૭ | એગ્રો ફોરેસ્ટ્રી :<br>*વર્તમાન સમયમાં ખેતી માટે લાભકારક ઉપક્રમ* | આચાર્યશ્રી,<br>વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૮ | આદર્શ પશુપાલન :<br>*ખેતી સાથે વધારાની આવક* | આચાર્ય અને ડીનશ્રી,<br>પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૯ | મધમાખી પાલન :<br>*વધુ નફો આપતો રોજગારી માટેનો એક સફળ વ્યવસાય* | આચાર્યશ્રી,<br>વનીય મહાવિદ્યાલયલ નકૃયુ, નવસારી |
| ૧૦ | મશરૂમની ખેતી :<br>*નફો અને રોજગારીનો સમન્વય* | પ્રાધ્યાપક અને વડાશ્રી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ,<br>ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૧૧ | બકરાં પાલન :<br>*ઓછા ખર્ચે જીવન નિર્વાહની સુનિશ્ચિતતા* | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (પશુપાલન),<br>પશુ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી |
| ૧૨ | દક્ષિણ ગુજરાતમાં મત્સ્યપાલન :<br>*નિયમિત આવક અને આર્થિક સમૃધ્ધિ* | આચાર્ય અને ડીનશ્રી,<br>પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |

**નોંધ : લેખના ટોપીકમાં કોઈ ફેરફાર કરવાની જરૂર જણાય તો સૂચન આવકાર્ય છે.**

(signature)

**વિસ્તરણ શિક્ષણ નિયામક**